# સે-૭ નું શાકમાર્કેટ સે-૬માં ખસેડવા વેપારીઓની માંગ

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરના સેકટર-૬ ખાતે અઢી દાયકા પહેલા બનાવેલા શાકમાર્કેટની સ્થિતિ હાલ પણ ખંડેર અવસ્થામાં છે. સેકટર-૬ ના કાયદેસર શાકમાર્કેટનો વિકાસ અત્યાર સુધી થયો નથી અને કરવામાં પણ આવ્યો નથી. તે પાછળ કયાં પરિબળો કામ કરે છે. કે તંત્રની ઉદાસીનતા તે અંગે કશુ કોઈ કહેવા માટે તૈયાર નથી. પરંતુ લાખો રૂપીયા ખર્ચીને સે-૬ માર્કેટમાં ઓટલા ખરીદેલા વેપારીઓની હાલત કફોડી બની છે. ત્યારે સેકટર-૭ માં શોંપીગમાં ઉભુ થયેલુ ગેરકાયદેસર શાકમાર્કેટ તાત્કાલીક ધોરણે હટાવીને સેકટર-૬ શાકમાર્કેટમાં ખસેડવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

શહેરના સેકટર-૬ શાકમાર્કેટનું ઉદ્ઘાટન ૧૯૯૩ માં કલેકટરના હસ્તે કરવામાં આવ્યું હતું. જયારે ઓટલા સરકાર દ્વારા હરાજીથી વેચાણ કરવામાં આવ્યા હતા અને વેપારીઓએ લાખો રૂપીયા ચુકવીને ખરીદી કરી હતી. ત્યારે સે-૬ શાકમાર્કેટનો વિકાસ કરવામાં કોઈ અધિકારી કે તંત્રમાં રસ ન હોય તેમ લાગી રહ્યું છે. તંત્રની રહેમ નજર હેઠળ સે-૭ માં ગેરકાયેદસર શાકમાર્કેટ ધમધમતુ હોવાથી સે-૬ માર્કેટનો વિકાસ રૂધાંઈ ગયો છે. સે-૨૧ શાકમાર્કેટ જે હાલમાં છે તેમાં જાહેર હરાજી માટેની માર્કેટ નથી, જયારે સે-૬ માં જાહેર હરાજી માટે પણ તંત્ર દ્વારા અલગ જગ્યા ફાળવવામાં આવી છે. સે-૬ ના શાકમાર્કેટના વિકાસ માટે અનેકવાર લેખિત તેમજ મૌખિક ઉચ્ચકક્ષાએ રજુઆતો કરવા છતા પણ આજદિન સુધી કોઈ હકારાત્મક જવાબ મળ્યો નથી. મનપા, કલેકટર, દબાણ મામલતદાર, વનવિભાગ સહિતના સરકારી તંત્ર દ્વારા શહેરમાંથી દબાણ હટાવવાની સારી કામગીરી કરી રહ્યા છે, તો સે-૭ નું ગેરકાયદેસર શાકમાર્કેટ કેમ ખસેડવામાં આવતુ નથી તે પાછળ ઉપરથી મળતી મલાઈ કે મિલીભગત હોવાનું વેપારીઓને લાગી રહ્યું છે. ત્યારે સેકટર-૬ના શાકમાર્કેટનો વિકાસ ઝડપી કરવામાં આવે તે માટે વેપારીઓ દ્વારા માંગ કરવામાં આવી છે.



# વાતાવરણ શુદ્ધ અને જંતુમૂકત કરવા હોલિકા દહનમાં પંચતત્વોની આહુતિ આપીએ

**પ્રવર્તમાન પરિસ્થિતીમાં હોલિકા દહનમાં ગુગલ-ગાયનું ઘી, સૂકા લીમડાના પાન, સરસવ અને કપૂરની આહુતિ આપવી હિતાવહ : મુખ્યમંત્રી**

ગાંધીનગર, તા.૮

મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી એ રાજ્ય માં આનંદ ઉલ્લાસ થી ઉજવાતા રંગ પર્વ હોળી ને આરોગ્ય રક્ષા પર્વ બનાવવા સૌ નાગરિકો ને અપીલ કરી છે.

તેમણે સમગ્ર રાજ્યમાં ગામડાં- નગરો- મહાનગરોના શેરી, મહોલ્લા કે જ્યાં જ્યાં સામૂહિક હોળી પ્રગટાવવામાં આવે છે ત્યાં સૌ કોઈ હોલિકાની અગ્નિ જ્વાળામાં પ્રવર્તમાન સ્થિતીમાં વાયુ-વાતાવરણ શુદ્ધ અને જંતુમૂકત રાખવાના રક્ષણાત્મક ઉપાયો માટે હોળીમાં પરંપરાગત આહુતિ ઉપરાંત પંચતત્વની આહુતિ આપે તેવી અપીલ સૌને કરી છે.

શ્રી વિજય ભાઈ રૂપાણીએ આ અનુરોધ કરતાં જણાવ્યું છે કે, વિશ્વની પ્રવર્તમાન આરોગ્યલક્ષી પરિસ્થિતીમાં વાતાવરણ શુદ્ધિ અને જંતુમૂકિતની આવશ્યકતા હેતુસર હોળીમાં ગૂગળ, ગાયનું ઘી, સૂકા લીમડાના પાન, સરસવ અને કપૂર એવાં પાંચ દ્રવ્યોની આહુતિ આપવી જરૂરી છે.

આના પરિણામે, સમગ્ર વાતાવરણ વધુ શુદ્ધ થશે વિષાણુ મુક્ત તેમજ રોગ ના જંતુઓ નાશ પામશે એટલું જ નહિ જંતુનાશ-ફ્યુમિગેશન થવાને કારણે રોગચાળો-બિમારીઓ ફેલાતી અટકાવી શકાશે એમ તેમણે ઉમેર્યુ છે.

અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે હોલિકા દહનમાં પરંપરાગત રિવાજ મુજબ નાળિયેર, ખજૂર, ધાણી જેવી ચીજવસ્તુઓની શ્રદ્ધા-આસ્થાથી સામુહિક આહુતિ આપવામાં આવે છે.

હાલની પરિસ્થિતીમાં આ પરંપરા ઉપરાંત સુશ્રુત સંહિતામાં સૂચવાયેલી પંચતત્વની સામૂહીક આહુતિથી આરોગ્યપ્રદ અને જંતુરહિત – શુદ્ધ વાતાવરણને પરિણામે રોગમુકત રહી શકાશે તેવો સ્પષ્ટ મત વ્યક્ત કરતા મુખ્યમંત્રી એ આ રંગ ઉમંગ પર્વ સૌના સ્વાસ્થ્ય ને રોગ મુક્ત રાખવાનું આરોગ્ય રક્ષા પર્વ બને તેવી અપીલ કરી છે.

## હરિની દૃષ્ટિ...

\- હરિન ભટ્ટ




**બહેનો, આજે આ દિવસ રંગેચંગે ઊજવી લો.. કારણ કે હવે મહિલાઓ પુરુષ સમોવડી થઈ જવામાં જ છે જેથી ભવિષ્યમાં કદાચ આ દિવસ ઊજવવાનો જ નહીં આવે...!!**

# હવે, સિવિલના દર્દીઓને અક્ષયપાત્રનું ભોજન

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર મેળવી રહેલા દર્દીઓ માટે હવે અક્ષયપાત્રનું ભોજન પીરસવામાં આવી રહ્યું છે. રોજના અંદાજીત ૪૫૦ થી ૫૦૦ જેટલા દર્દીઓને સ્વાદીષ્ટ અને પ્રોટીનયુકત જમવાનુ પીરસવામાં આવે છે. સવાર-સાંજનું અલગ અલગ મેનુ રાખવામાં આવ્યું છે. જયારે ડાયાબિટીસના દર્દીઓ માટે પણ અલાયદુ જમવાનું આપવામાં આવે છે. જયારે દર્દીઓને અઠવાડીયામાં ત્રણ વાર શાક તો ત્રણ વાર કઠોળ પણ પીરસવામાં આવશે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં આવેલ નવી બિલ્ડીંગના પ્રથમ માળ પર આવેલા રસોડામાં જ દર્દીઓ માટે જમવાનું અને ચા-નાસ્તો તૈયાર થતો હતો. મેનુ મુજબ દર્દીઓને સમયસર જમવાનું પણ આપી દેવામાં આવતુ હતું. પરંતુ છેલ્લા કેટલાક સમયથી સમસ્યા સર્જાઈ કે વિવિધ ફરીયાદોને લઈ તંત્ર દ્વારા માર્ચ માસથી દર્દીઓને જમવાનું પુરુ પાડવા માટેનો કોન્ટ્રાકટ અક્ષયપાત્રને આપી દેવામાં આવ્યો છે. અક્ષયપાત્ર દ્વારા રોજ નિયમિત દર્દીઓ માટે દાળ-ભાત, શાક-રોટલી અને સલાડ સહિતનુ જમવાનું આપવામાં આવે છે.જયારે સાંજના સમયે શાક-રોટલી, ખીચડી અને કઢી આપવામાં આવે છે.જયારે અઠવાડીયામાં ત્રણ વાર શાક-કઠોળ પીરસવામાં આવશે. જયારે ડાયાબિટીસના દર્દીઓ માટે પણ અલાયદુ ભોજન આવે છે. જયારે સિવિલના કર્મચારીઓ પાસે હવે માત્ર દર્દીઓને સવાર સાંજ ચા અને નાસ્તો આપવાની કામગીરી રહી છે. ત્યારે નવી બિલ્ડીંગમાં રોજના ૪૫૦ થી ૫૦૦ જેટલા દર્દીઓ માટે જમવાનું તૈયાર થઈને આવે છે. જેથી વોર્ડમાં જ દર્દીઓને પ્રોટીનયુકત જમવાનું સરળતાથી મળી રહે છે. ઉલ્લેખનીય છે કે અક્ષયપાત્ર સંસ્થા દ્વારા મધ્યાહન ભોજન તેમજ અનેક સ્થળો પર જમવાનું પહોંચાડવાનું કાર્ય કરવામાં આવે છે.

# ચિલોડા પાસેથી કારમાંથી વિદેશી દારુની બોટલો મળી

ચિલોડા-હિંમતનગર હાઈ-વે પર ચંદ્રાલા પાસે કારમાંથી ૬૬ બોટલ વિદેશી દારુ તેમજ ૪૭ ટીન બિયર સાથે બે ઈશમોને પકડી પાડ્યા છે. પોલીસે દારુ-બિયર, ગાડી અને બે મોબાઈલ સહિત રૂ.૯૪ હજારના મુદ્દામાલ સાથે બે ઈસમોની અટકાયત કરીને પ્રોહિ એકટ મુજબ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ચિલોડા પીઆઈ એચ.એ.જાડેજાના માર્ગદર્શન હેઠળ ચિલોડા પોલીસ મથકનો સર્વેલન્સ સ્ટાફ પેટ્રોલીંગમાં હતો તે દરમિયાન હે.કો.દિગ્વિજયસિંહ તેમજ ભાવિકકુમારને સંયુકત રીતે બાતમી મળી હતી. જેને પગલે પોલીસે ચંદ્રાલા નજીકથી જી.જે.૦૧.એચ.ડી.-૬૫૨૯ નંબરની કાર પકડી પાડી હતી. જયારે કારમાં સવાર બે શખ્સોનું નામ પુછતા તેઓએ મયુર હરેશભાઈ દેવાની (રહે.કર્ણાવતી એન્કલેવ, ન્યુરાણીપ) તેમજ કેતન મહેન્દ્ર ઠક્કર (નીલકંઠ રેસીડન્સી નારોલ) હોવાનું




જણાવ્યું હતું. પોલીસે દારુ-બિયર કિ.૪૦,૧૦૦ તેમજ ગાડીની કિં. ૫૦ હજાર અને બે મોબાઈલ સહિત કુલ રૂ.૯૪,૧૦૦ નો મુદ્દામાલ જપ્ત કરી બંન્ને શખ્સ સામે પ્રોહી એકટ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

જયારે ચિલોડા પોલીસે ચંદ્રાલા પાસેથી જ જી.જે.૦૧. એલ.યુ-૫૮૬૦ નંબરના એકટીવા ચાલકને પકડી પાડી તેની પાસેથી વિદેશી દારુની ૧૭ બોટલ પકડી પાડી હતી. પોલીસે યુવકનુ નામ પુછતા તેણે લલિત દરજી (ઉં.વ.૩૫, જયરાજ એપાર્ટમેન્ટ જોધપુર) જણાવ્યું હતું. જયારે પોલીસે ૯ હજારનો દારુ અને ૧૦ હજારનું એકટીવા પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ત્યારે પોલીસે આ દારુ કયાંથી લાવ્યા હતા અને કોને આપવાનો હતો તે દિશામાં પણ તપાસ હાથ ધરી છે.

# સેકટર-૧૧ પેટ્રોલ પંપ સામે કાર-એકટીવા વચ્ચે અકસ્માત

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરના ચ માર્ગ પર તાજેતરમાં સેકટર-૧૧ પેટ્રોલ પંપ સામે એકટીવા અને કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં એકટીવા ચાલક વડીલ નીચે પટકાતા શરીરે ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્તને તાત્કાલીક સારવાર માટે લઈ જવાયા હતા. બનાવ અંગે વડીલની ફરીયાદ લઈ પોલીસે કાર ચાલક સામે ફરીયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ શહેરના સેકટર-૭ બી પ્લોટ નં.૫૦૭-૨ ખાતે રહેતા શિવાભાઈ બબલદાસ પરમાર (ઉં.વ.૭૩) પોતાના પરિવાર સાથે રહે છે. ગત તા.૩ ના રોજ સવારના ૧૦ વાગ્યાના અરસામાં એસબીઆઈ બેંકનું કામ હોવાથી તેઓ ઘરે થી એકટીવા નં. જી.જે.૧૮.સી.એ.-૩૧૬૫ લઈને નીકળ્યા હતા. ત્યારબાદ સેકટર-૧૧ ખાતે પટ્રોલપંપ ખાતેથી પેટ્રોલ પુરાવી ચ માર્ગ પર વળાંક લઈ ચ-૩ તરફ જઈ રહ્યા હતા. તે સમયે ચાલકે પોતાની કાર નં. જી.જે.૧૮.બી.ડી.-૬૫૨૦ અચાનક ગફલતભરી રીતે પુરઝડપે કાર હંકારી એકટીવાને ટક્કર મારી હતી. જેથી એકટીવા ચાલક નીચે પડી જવાથી શરીરે બેઠો માર અને ઈજા પહોંચી હતી.વડીલને તાત્કાલીક સારવાર માટે લઈ જવાયા હતા.જયા પગે તેઓને ફ્રેકચર હોવાનું નિદાન થયું હતું. બનાવ અંગે તેઓએ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# તેં ખેંચ્યા એ દુપટ્ટાઓ બહું રંગીન લાગે છે; પડ્યા ગાલે તમાચાઓ બહું રંગીન લાગે છે

**ટાઈમ લાઈન** - ગૌતમ પુરોહિત

હોળી, જેને રંગોનો તહેવાર પણ કહેવામાં આવે છે, તે ભારત, સુરીનામ, ગુયાના, ટ્રિનિદાદ, યુનાઈટેડ કિંગડમ અને નેપાળમાં ભારે લોકચાહના ધરાવતો હિંદુ તહેવાર છે. તેને ‘દોલયાત્રા‘ કે ‘વસંતોત્સવ‘ તરીકે પણ ઓળખવામાં આવે છે. હોળી ફાગણ માસની પુનમનાં દિવસે મનાવવામાં આવે છે. આ દિવસે સાંજે ગામના પાદર કે મુખ્ય ચોક જેવા સ્થાન પર છાણા, લાકડાં ની ‘હોળી‘ ખડકવામાં આવે છે. ત્યાર બાદ બધાં લોકો વાજતે ગાજતે એકઠા થાય છે અને હોળી પ્રગટાવવામાં આવે છે. લોકો તેની પ્રદક્ષિણા કરે છે તેમજ શ્રીફળ વગેરે પવિત્ર મનાતી વસ્તુઓથી તેમનું પૂજન કરે છે. જો કે ભારતમાં વિવિધ પ્રાંતો અને સમુદાયોમાં હોળીની ઉજવણીની અલગ અલગ રીતો હોય છે, પરંતુ દરેકની ભાવના એક જ હોય છે કે હોળી પ્રગટાવી અને આસુરી તત્વોનો નાશ કરવો અને દૈવી શક્તિઓનું સન્માન કરવું. હિંદુ ધર્મમાં ‘હોલિકા અને પ્રહલાદ’ની કથા બહુ જાણીતી છે.

**કોરોના વાયરસને દૂર રાખવા માટે વૈદિક હોળીની પ્રદક્ષિણા કરવી હિતાવહ છે**

કવિ રઈશ મણિયાર લખે છે--

**ધુળેટીના તમાશાઓ બહું રંગીન લાગે છે,**
**આ પરણ્યાઓ, કુંવારાઓ બહું રંગીન લાગે છે.**
**તેં ખેંચ્યા એ દુપટ્ટાઓ બહું રંગીન લાગે છે,**
**પડ્યા ગાલે તમાચાઓ બહું રંગીન લાગે છે...**

હોળીનાં બિજા દિવસે ધુળેટી મનાવાય છે. આ તહેવાર ‘રંગોનો તહેવાર‘ એટલેજ કહેવાય છે કે આ દિવસે સવારથી લોકો અબિલ, ગુલાલ તેમજ કેસુડાનાં રંગો છાંટી પોતાનો ઉત્સાહ અને આનંદ વ્યક્ત કરે છે. જો કે હવેનાં સમયમાં રસાયણિક રંગોનો ઉપયોગ પણ કરાય છે, જેનો ઉપયોગ બને તેટલો ટાળવો હિતાવહ છે. આંધ્ર પ્રદેશમાં હોલિકા દહનનો તહેવાર ×કામ દહન× તરીકે ઓળખાય છે. હોળી સાથે પુરાણીક કથાઓ સંકળાયેલી છે. વૈષ્ણવ માન્યતા અનુસાર, હિરણ્યકશિપુ એ દાનવોનો રાજા હતો. અને તેમને બ્રહ્માજીનું વરદાન હતું કે તે દિવસે કે રાત્રે, ઘરની અંદર કે બહાર, ભુમિ પર કે આકાશમાં, માનવ દ્વારા કે પ્રાણી દ્વારા, અસ્ત્ર કે શસ્ત્ર દ્વારા કશાથી તેનું મૃત્યુ થશે નહીં. આ વરદાનને કારણે તે અમર બની ગયો કે તેને મારવો તે લગભગ અસંભવ થઈ ગયું. આથી તે અભિમાની અને અત્યાચારી બની ગયો, તેણે સ્વર્ગ અને પૃથ્વિ પર બધેજ હાહાકાર મચાવી દીધો. તેણે ઈશ્વરને પૂજવાનું પણ બંધ કરાવ્યું અને પોતાની પૂજા કરાવવાનું શરૂ કર્યુ હતું.

મીરાંબાઈએ લખ્યું છે કે—

**ફાગુન કે દિન ચાર હોલી ખેલ મના રે...**
**સીલ સંતોખકી કેસર ઘોલી પ્રેમ પ્રીત પિચકાર રે,**
**ઉડત ગુલાલ લાલ ભયો અંબર, બરસત રંગ અપાર રે...**

દરમિયાન, હિરણ્યકશિપુનો પોતાનો પૂત્ર, પ્રહલાદ, જે ભગવાન વિષ્ણુનો ભક્ત હતો. તેને કંઈ કેટલાં પ્રલોભનો તથા ડર બતાવી તેમણે ઈશ્વર ભક્તિથી દુર કરવાના પ્રયત્નો કર્યા પરંતુ પ્રહલાદ ડગ્યો નહીં અને પોતાની ભક્તિ ચાલુ રાખી. તેણે પ્રહલાદને મારવા માટે પણ કંઈ કેટલા ઉપાય કર્યા, પરંતુ ઈશ્વરકૃપાથી તે દરેક વિફળ રહ્યા. અંતે પ્રહલાદને મારવાનાં ઉદેશથી હિરણ્યકશિપુએ બાળક પ્રહલાદને, પોતાની બહેન હોલિકાનાં ખોળામાં બેસી અગ્નિપરિક્ષા આપવાનો આદેશ આપ્યો. હોલિકા, કે જેની પાસે એક એવી ઓઢણી હતી કે જે તેને ધારણ કરે તેને અગ્નિ પણ બાળી શકે નહીં. પ્રહલાદે પિતાની આજ્ઞાનું પાલન કર્યું અને વિષ્ણુને પોતાનો જીવ બચાવવા માટે પ્રાથના કરી. અંતે જ્યારે અગ્નિ પ્રગટાવવામાં આવ્યો ત્યારે ઓઢણી હોલિકાનાં મસ્તક પરથી ઉડી અને પ્રહલાદને વિંટળાઈ વળી, આથી હોલિકા અગ્નિમાં બળીને ભસ્મ થઈ અને પ્રહલાદ સાજો સારો બહાર આવ્યો. આમ હોલિકાનું દહન થયું તે ઘટના હોળી ઉત્સવનું કારણ બની છે.

આચાર્ય સંજીવ સલિલ કહે છે—

**કરો આતંકિયોં પર વાર, અબકી બાર હોલી હૈ,**
**ન ઉનકો મિલ સકે ઘર-દ્વાર અબકી બાર હોલી હૈ...**

ભગવાન વિષ્ણુ દ્વારા હિરણ્યકશિપુનાં વધની કથા આવે છે, જેમાં વિષ્ણુએ નૃસિંહ અવતાર ધારણ કરી બરાબર સંધ્યા સમયે, ઘરનાં ઉંબરા વચ્ચે, પોતાનાં ખોળામાં પાડીને, પોતાનાં નખ દ્વારા ચીરી નાખી, હિરણ્યકશિપુનો વધ કર્યો. આમ આસુરી શકિતઓ પર દૈવી શક્તિઓના વિજયનું આ પર્વ છે. આ ઉપરાંત અન્ય કથાઓ પણ પ્રચલિત છે. જેમાં રાધા અને કૃષ્ણનાં દિવ્ય પ્રેમની કથા તથા શિવજી દ્વારા કામદહનની કથા પણ છે. હોળી બ્રહ્માંડમાં તેજનો તહેવાર પણ છે. આ તહેવાર દરમિયાન, બ્રહ્માંડમાં અલગ અલગ તેજકિરણો પ્રસરે છે, જે વાતાવરણમાં અલગ અલગ રંગો અને આભાઓ પ્રકાશિત કરે છે.

**હોલીકા અને પ્રહલાદની કથા, રાધા અને કૃષ્ણનો પ્રેમ તેમજ શિવજીનું કામદહન**

**અબકી હોલી મેં હો જાયે,**
**કુછ એસા અદ્દભૂત ચમત્કાર,**
**હો જાયે ભ્રષ્ટાચાર સ્વાહા, મહગાઇ, ઝઘડે, લૂંટમાર...**

ગુજરાત અને ખાસ કરી સૌરાષ્ટ્રમાં, હોળીને ‘હુતાસણી‘થી પણ ઓળખવામાં આવે છે, હોળીના બીજા દિવસ ધુળેટીને ‘પડવો‘ કહેવામાં આવે છે. અમુક વિસ્તારોમાં હોળી પછીનાં બે કે ત્રણ દિવસ આ તહેવાર ઉજવાય છે, જેને ‘બીજો પડવો‘,‘ત્રીજો પડવો‘ એમ ગણવામાં આવે છે. આ દિવસોમાં પુરુષો દ્વારા દાંડીયા રાસ રમવાનો રિવાજ ખાસ કરીને પોરબંદર વિસ્તારમાં આ પ્રથા પ્રચલિત છે. ઘણાં આદિવાસી વિસ્તારોમાં હોળી પ્રગટાવ્યા પછી તેની આસપાસ પારંપારીક નૃત્ય કરવામાં આવે છે. હોળીનાં દિવસે જેને ત્યાં ગત વર્ષમાં દિકરાનો જન્મ થયો હોય તે લોકો સજીધજીને બાળકને હોળીની પ્રદક્ષિણા કરાવવા લાવે છે તથા ગામલોકોને પતાસા તથા ખજુર વગેરેની ‘લાણ‘ વહેંચે છે, આ પ્રસંગને દિકરાની વાડ કહેવામાં આવે છે.

ધીરેન્દ્ર સિંહ કાફીર લખે છે—

**પલઝડ મેં પત્તે સાખેં છોડ દેતે હૈ,**
**સદાબહાર જબ આતા હૈ,**
**તો બહાર જવાં હોતી હૈ...**

હોળીના દિવસે હોળી પ્રગટાવ્યા પછી મોડી રાત્રી સુધી હોળીની આસપાસ બેસી અને જે ગીતો કે દુહાઓ ગાવામાં આવે છે તેને ×હોળીના ફાગ× તરીકે ઓળખવામાં આવે છે (આ પરંપરા હજુ અમુક ગ્રામ્ય વિસ્તારોમાં ચાલુ છે). હોળીના ફાગ એક પ્રકારે વસંતોત્સવનું પ્રતિક છે,જેમાં થોડી શૃંગારિક ભાષાનો ઉપયોગ થાય છે જેમાં પ્રકૃતિનું રસિક વર્ણન તેમજ સ્થાનિક પ્રેમગાથાઓ પણ વણી લેવાયેલાં હોય છે. વૈષ્ણવ ધર્મમાં રાધા-કૃષ્ણ કે ગોપીજનો વચ્ચે રમવામાં આવતી હોળીનાં વર્ણનનાં સુંદર ગીતો મળી આવે છે. જે મહદાંશે વ્રજ ભાષામાં હોય છે.

**ન જીત કા હૈ ન હાર કા, ત્યોહાર હૈ બસ પ્યાર કા...**
**સાધારણ સી રીત નહીં, બસા રાધા-ક્રિશ્ન કા પ્યાર હૈ...**

દ્વિદિવસીય પર્વ સમગ્ર દેશમાં પરંપરાગત તથા વિવિધ રૂપે ઊજવાય છે. ગુજરાત અને રાજસ્થાનમાં હોળી-ધુળેટી, મહારાષ્ટ્રમાં રંગપંચમી, પંજાબમાં હોલામહોલ્લા, હરિયાણામાં દુલંદી, બિહારમાં ફગુઆ, તામિલનાડુમાં કાળમંદીગાઈ, ગોકુલ-મથુરામાં લઠમાર હોલી, કોંકણમાં શિમગો, દક્ષિણ ભારતમાં કામદહન, ગોવામાં શિળગોણ વગેરે નામે-રૂપે આ પર્વ ઊજવાય છે. વિશ્વમાં પણ રંગોત્સવ મનાવવામાં આવે છે પરંતુ સમય અને પ્રકાર અલગ હોય છે.

સંજય વર્મા લખે છે—

**બાત નહીં હોતી, રંગો કી કોઇ જાત નહીં હોતી...**
**પાની ન ગિરે તો નદિયાં ખાસ નહીં હોતી,**
**સૂરજ બિના ઇન્દ્રધનુષ કી ઔકાત નહીં હોતી,**
**યે ખેલ હૈ પ્રેમ કી હોલી કા,**
**ફૂલ ન ખિલે તો ખુશ્બુઓં મેં બાત નહીં હોતી...**

વિશ્વમાં આજે જ્યારે કોરોના વાયરસે હાહાકાર મચાવ્યો છે ત્યારે ભારતમાં હોળીનો તહેવાર અતિ મહત્વનો બની શકે છે. વસંત ઋતુનો મુખ્ય ઉત્સવ હોળી છે. પ્રાચીન સમયથી ઋતુ પરિવર્તનના તહેવાર તરીકે તે ઉજવાય છે. નવસત્યેષટિ એટલે શેકેલા અનાજની અગ્નિમાં આહુતિ આપવી તેને હોલાકા કહે છે.








# આસુરી શક્તિઓ પર દૈવી શક્તિના વિજયનું પર્વ અને દુશ્મની મિટાવવાનો મોકો